**Gujarati**
આઉટરનેટ પર ફેબ્રિક ઓફ લંડન
તમે આઉટરનેટ પર જે જુઓ છો અને સાંભળો છો તે તમારા સાથી લંડનવાસીઓના વાસ્તવિક પુરાવા છે.
અમે તેમના અનુભવોને જીવંત બનાવવા માટે દરેક બસ, ટ્યુબ, ટ્રામ, ઓવરગ્રાઉન્ડ અને DLR ટ્રેનમાં જોવા મળતી પ્રચલિત સીટ પેટર્નના ખાસ એનિમેટેડ રૂપનો ઉપયોગ કરી રહ્યાં છીએ.
TfL પર બનતી જોડાણની આ ક્ષણોને નાટકીય રીતે રજૂ કરીને, આપણે બધા વિશ્વના શ્રેષ્ઠ શહેરના તાણાવાણાનો ભાગ હોવાનો અનુભવ કરી શકીએ છીએ.
તેમની વાર્તાઓ વિશે વધુ જાણો, સર્ચ કરો TfL fabric of London #LondonForEveryone
'મારા શાળાના ગોરા મિત્રોને જાતિવાદ પસંદ ન હતો.
તેઓ મારી મમ્મીના જમૈકન ઓક્સટેલ સૂપ માટે મજાથી બસ કરીને મારા ઘરે આવતાં.'
આઇરીન
'કેમડેન ટ્યુબની આસપાસના આ લોકોએ બિન-પારંપરિક શૈલીથી વાળ કપાવ્યા હતા - જે તેમની ક્વીઅર ઓળખ અનુસાર બોલ્ડ હતાં.
તેથી મેં મારા વાળ ટૂંકા કર્યા, અને મને મારાં જીવનમાં પહેલી વાર આકર્ષક હોવાનો અનુભવ થયો.'
કેલી
'વિવિધ પૃષ્ઠભૂમિ અને ક્ષમતાના 53,000 મેરેથોન દોડવીરો સાથે જોડાતાં પહેલાં મેં ગ્રીનવિચ પહોંચવા DLR લીધી.
એવું લાગ્યું કે આ દરેક જાણે પોતાની વ્યક્તિગત યાત્રા પર હતાં.'
જૈમી
'હું મારા સ્વિમ ક્લબમાં જોડાવા માટે હેકનીના વેસ્ટ રિઝર્વોયર સુધી સાયકલ ચલાવું છું.
અમારો સમુદાય એક એવી સુરક્ષિત જગ્યા છે જ્યાં પાણીની અંદર કે બહાર, દરેક પૃષ્ઠભૂમિની માતાઓ એકબીજાને મજબૂત અનુભવ કરાવવામાં મદદ કરે છે.'
બ્રિજેટ
'અમે એકદમ જ અલગ સંસ્કૃતિઓમાંથી છીએ પણ ભાગ્ય અમને નજીક લાવ્યું, અને પિકાડિલી લાઇન અને તાઇવાની ચા માટેના અમારા લગાવથી એ જોડાણ વધુ મજબૂત બન્યું.'
આલેમ
'લંડનમાં સ્થાયી થવાથી એક અલગ જ દુનિયા મળી. જેમ કે બસ લઈને કોઈ હિન્દુ લગ્ન માટે જવું અને અદ્ભુત, નવા અને વૈવિધ્યસભર મિત્રો બનાવવા.'
કેલી
'સાઉથ કેન સ્ટેશનથી નજીકના આ ક્લબે દરેકના અભિગમને સ્વીકાર્યો.
લંડન એવા લોકો માટે એક ખૂબ જ મોટી જગ્યા છે

જ્યાં તેઓ પોતાની ઓળખ અને મહત્ત્વકાંક્ષાને
વ્યક્ત કરી શકે છે.'
શૌના
સૌ સાથે મળીને, આપણે લંડનનું બંધારણ છીએ.